પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૦ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૯૩ | ૩ જાન્યુઆરી, ૨૦૧૭, મંગળવાર ; પોષ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ધર્મ-જાતિ પર મતની માંગણી ગેરકાયદે

**વિધાનસભા ચૂંટણીઓ પહેલા સુપ્રિમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો : સાત જજની બંધારણીય બેંચ દ્વારા ચુકાદો : ભારતીય બંધારણ ધર્મ નિરપેક્ષ છે અને તેના સ્વભાવને જાળવી રાખવા માટેની જરૂર**



નવી દિલ્હી,તા. ૨

જાતિ, ધર્મ અને ભાષાના નામ ઉપર ચૂંટણી પ્રચાર અને મત માંગવાને લઈને સુપ્રિમ કોર્ટે આજે લાલ આંખ કરી હતી અને આ સંબંધમાં સુપ્રીમ કોર્ટે વધુ એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. જેમાં સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે ધર્મના નામ પર વોટ માંગવાની બાબત બિલકુલ અયોગ્ય છે. સુપ્રીમ કોર્ટે બન્ને પક્ષોની દલીલોને સાંભળી લીધા બાદ આ મુજબનો ચુકાદો આપ્યો હતો. સુપ્રીમે કહ્યુ હતુ કે ચૂંટણીમાં ધર્મનો ઉપયોગ કરવાની બાબત બિલકુલ યોગ્ય નથી. ઉંત્તર પ્રદેશ, પંજાબ સહિત દેશના કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે આ ચુકાદાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટની સાતજજની બંધારણીય બેંચે કહ્યુ છે કે ધર્મ, જાતિ અને ભાષાના આધાર પર વોટ માંગવાની બાબત બિલકુલ યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યુ છે કે બંધારણ ધર્મનિરપેક્ષ છે. તેના આ સ્વભાવને જાળવી રાખવામાં આવે તે જરૂરીછે. ઉમેદવાર અને એજન્ટો ધર્મનો ઉપયોગ કરી શકે નહી. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે ચૂંટણી એક ધર્મનિરપેક્ષ પ્રક્રિયાના ભાગરૂપે છે. આ પ્રક્રિયા હમેંશા ચાલતી રહે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરતા કહ્યુ હતુકે કોઈ વ્યક્તિ અને ભગવાનની વચ્ચે સંબંધ વ્યક્તિગત મામલો છે. આ મામલે રાજ્યોમાં દરમિયાનગીરી કરી શકાય નહી. સુપ્રીમ કોર્ટે આ ચુકાદો હિન્દત્વ સાથે જોડાયેલી એક અરજી પર સુનાવણી ચલાવતી વેળા આપ્યો હતો. આ પહેલા સામાજિક કાર્યકર તીસ્તા સેતલવાડે એક

● અનુસંધાન પાન-૭ પર

## બીસીસીઆઈના પ્રમુખ પદેથી અનુરાગ ઠાકુરને દૂર કરાયા

**સુપ્રિમ કોર્ટના આક્ષેપનો જવાબ આપવા અનુરાગને મહેતલ : કારણદર્શક નોટીસ ફટકારીને ૧૯મી જાન્યુઆરી સુધી જવાબ આપવા આદેશ બીસીસીઆઈના સેક્રેટરી તરીકે અજય શિરકેને પણ દુર કરી દેવામાં આવ્યા**



નવી દિલ્હી, તા. ૨

દેશમાં ક્રિકેટર વહીવટી તંત્રના ભાવિને નક્કી કરે તેવા એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદામાં સુપ્રિમ કોર્ટે આજે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના પ્રમુખ તરીકે અનુરાગ ઠાકુરને દુર કરી દીધા હતા. સાથે સાથે અનુરાગ ઠાકુરને કોર્ટના તિરસ્કારના આરોપસર કારણદર્શક નોટીસ પણ ફટકારી દીધી હતી. કોર્ટે સચિવ અજય શિરકેને પણ તેમના હોદ્દાથી દુર કરી દીધા હતા. ચીફ જસ્ટીસ ટીએસ ઠાકુરના નેતૃત્વમાં બેંચે પોતાના ચુકાદામાં અનુરાગ ઠાકુરને પ્રશ્ન કર્યો છે કે આખરે તેમની સામે પગલાં કેમ લેવા જોઈએ નહીં. છેવટે અનુરાગ ઠાકુર પર તિરસ્કારના આરોપને યોગ્ય ઠેરવ્યા છે. ઠાકુર ઉપર આક્ષેપ મુકવામાં આવ્યો હતો કે તેઓએ લોધા પેનલની ભલામણોને અમલી બનાવવામાં અડચણો ઉભી કરી હતી. તેમના પર એવો આક્ષેપ હતો કે આઈસીસીને એમ કહેવામાં આવ્યું હતું

● અનુસંધાન પાન-૭ પર

# યુપીમાં કોઈને પૈસાની તો કોઈને પરિવારની ચિંતા છે

**પાટનગર લખનૌમાં મોદીની વિશાળ પરિવર્તન રેલી યોજાઈ : સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટી પર સીધા આક્ષેપ કર્યા જાતિવાદ અને પરિવારવાદથી ઉપર ઉઠીને મત આપવા લોકોને અપીલ કરી**



લખનૌ, તા. ૨

ઉત્તરપ્રદેશમાં શાસક પક્ષમાં ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે પાટનગર લખનૌમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પરિવર્તન રેલી યોજી હતી અને સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસ ઉપર પોતાની ખાસ અદામાં જોરદાર આક્ષેપો કર્યા હતા. વિશાળ રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે સમાજવાદી પાર્ટીમાં ચાલી રહેલી ખેંચતાણ, કોંગ્રેસમાં રાહુલ ગાંધીના કદને વધારવાના પ્રયાસ અને બસપના ખાતામાં મોટી સંખ્યામાં જૂની નોટ જમા કરવાને લઈને મોદીએ તેજાબી પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે માત્ર ભાજપ છે જે ઉત્તરપ્રદેશને બચાવવાના પ્રયાસમાં છે. તેમણે કહ્યું હતું કે એક પાર્ટી એવી છે જે પોતાના પુત્રને સ્થાપિત કરવા માટે છેલ્લા ૧૫ વર્ષથી પ્રયાસમાં છે પરંતુ હજુ સુધી સ્થિતિમાં સુધારો થયો નથી. બીજી પાર્ટી એવી છે જેને ચિંતા છે કે પૈસા ક્યા મુકવામાં આવે. દુર દુર સુધી બેંકોની તપાસ કરવામાં આવી રહી

● અનુસંધાન પાન-૭ પર



સપાનું દંગલ પહોંચ્યું દિલ્હી - સપાનું દંગલ કોનુ કરશે મંગલ- આ પ્રશ્ન દિલ્હીમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો... સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમસિંહ યાદવ, શિવપાલ યાદવ અને અમરસિંહ સાથે નિશાન સાઈકલ માટે ચૂંટણી પંચના દ્વાર ખટખટાવ્યા હતા... સમાજવાદી પક્ષના ચૂંટણી ચિન્હ અંગે મુલાયમસિંહ જુથ અને અખિલેશ જુથ બંને દાવાઓ કરી રહ્યા છે... સોમવારે સાંજે મુલાયમસિંહે ચૂંટણી પંચ સમક્ષ સાઈકલની નિશાન માટે ઉગ્ર રજૂઆત કરી હતી જ્યારે રામપાલ યાદવ મંગળવારે સવારે અખિલેશ જુથ વતી સાઈકલની નિશાન માટે ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરવાના છે...

## પરમાણુ સક્ષમ અગ્નિ-૪ મિસાઈલનું સફળ પરિક્ષણ

**૪૦૦૦ કિલોમીટર સુધી ત્રાટકવામાં સક્ષમ : અગ્નિ-૫ મિસાઈલ પરીક્ષણ બાદ હવે અગ્નિ-૪નું સફળ રીતે પરીક્ષણ થયું : અગ્નિ-૬ પર પણ કામ ચાલી રહ્યું છે**



બેલાસોર, તા. ૨

ભારતે આજે પરમાણુ સક્ષમ સ્ટ્રેટેજીક મિસાઈલ અગ્નિ-૪નું સફળ પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટરની છે. પરમાણુ હથિયારોથી સજ્જ બેલાસ્ટીક મિસાઈલ-૫ના પરીક્ષણ બાદ હવે ચારનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. ભારત દ્વારા અગ્નિ-૬ ઉપર પણ કામ કરવામાં આવી રહ્યું છે. હાલમાં ચીનની મિસાઈલ અને પરમાણુ ક્ષમતા ભારત કરતા ખૂબ વધારે હોવા છતાં ભારતે તેની ક્ષમતામાં સતત વધારો કર્યો છે. ઓરિસ્સાના દરિયાકાંઠે બાલાસોરથી આ મિસાઈલનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. પરિક્ષણ કરવામાં આવ્યુ ત્યારે ટોચના સંરક્ષણ વૈજ્ઞાનિકો અને ડીઆરડીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જના ડિરેક્ટરે માહિતી આપતા કહ્યુ હતુ કે ટેસ્ટ ફાયરિંગને સંપૂર્ણપણે સફળતા મળી છે. આ મિસાઈલની સંપૂર્ણ રેન્જ અમલી રહી હતી. આ મિસાઈલમાં અતિઆધુનિક સુવિધાઓ રહેલી છે. અતિઆધુનિક મિસાઈલ વજનમાં પ્રમાણમાં ઓછી છે. આ મિસાઈલ ડીઆરડીઓ દ્વારા વિકાસના તબક્કામાં છે. અગ્નિ-૪ મિસાઈલનું ત્રીજી વખત ડેવલોપમેન્ટ ટ્રાયલ પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ. ઓરિસ્સાના દરિયાકાંઠા પર રડાર અને ઈલેક્ટ્રો ઓપ્ટિકલ સિસ્ટમને પહેલાથી જ વ્યવસ્થિત કરી દેવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે અગાઉ ભારતે ૨૦મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે અગ્નિ-૪ મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. તે પહેલા આ મિસાઈલનું છેલ્લી વખત પરિક્ષણ ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે આ જ જગ્યાએ કરવામાં આવ્યુ હતુ.આ મિસાઈલની રેન્જ ૪૦૦૦ કિલોમીટર છે. આ મિસાઈલ અતિ આધુનિક છે.

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

**હિમાચલમાં હિમવર્ષાના કારણે વિવિધ ભાગોમાં બરફની ચાદર : સમગ્ર ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીની સાથે તાપમાનમાં થયેલો નોંધપાત્ર ઘટાડો : ધુમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવાને પ્રતિકુળ અસર**

નવી દિલ્હી, તા. ૨

સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. હિમાચલપ્રદેશના જુદા જુદા ભાગોમાં હિમવર્ષા પણ થઈ થઈ છે. જેથી ત્યાં પહોંચેલા પ્રવાસીઓમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના પ્રમાણમાં પણ વધારો થયો છે. હિમાચલના કેટલાક ભાગોમાં તો બરફની ચાદર છવાઈ ગઈ હતી.જમ્મુ કાશ્મીરમાં પણ લોકોની હાલત ઠંડીના કારણે કફોડી બનેલી છે. લેહમાં તાપમાન માઈનસ સાત ડિગ્રી થઈ ગયુ છે. શ્રીનગરમાં માઈનસ ૪.૩ ડિગ્રી તાપમાન રહ્યુ છે. હિમાચલના સ્પિતી, કિન્નૌર, પાંગી, ભારમૌર અને ચાન્લ પાસ



ખાતે હિમવર્ષા થઈ છે. તાપમાનમાં પણ ઘટાડો થયો છે. ઉત્તર ભારતમાં પણ તીવ્ર ઠંડી પડી રહી છે. રાજસ્થાન, હિમાચલ, પંજાબ અને હરિયાણામાં વિમાની સેવા અને ટ્રેન

● અનુસંધાન પાન-૭ પર

# ધિરાણ દરમાં વધુ ૫૦-૭૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો થશે

**એસબીઆઈ, પીએનબી, યુનિયન બેંક તેમજ દેના બેંક દ્વારા પહેલાથી જ ધિરાણ દરમાં ઘટાડો કરાયો**

મુંબઈ,તા. ૨

ધિરાણ દરમાં ઘટાડાનો દોર શરૂ થઈ ચુક્યો છે. આ દર હજુ જારી રહે તેવા સંકેત મળી રહ્યા છે. બેંકો એપ્રિલ અને સપ્ટેમ્બર મહિનામાં બીજા ૫૦-૭૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. જો રિઝર્વ બેંક દ્વારા ઓપન માર્કેટ ઓપરેશન મારફતે ૨૨૦૦૦૦ કરોડ રૂપિયાની લિક્વિડીટી ઠાલવવામાં આવશે તો આ બાબત શક્ય બનશે. ધિરાણ દરમાં ઘટાડો આવનાર સમયમાં પણ જોવા મળનાર છે. ઓપન માર્કેટ ઓપરેશન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા હાથ ધરવામાં આવનાર માર્કેટ ઓપરેશન તરીકે છે. રિઝર્વ બેંક ગવર્મેન્ટ સિક્યુરિટીના વેચાણ અને ખરીદીની રીતે આ

● અનુસંધાન પાન-૭ પર


ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
54

પ્રોજેક્ટ વર્ક સ્પેશ્યાલિસ્ટ | Since 1987-88 | ગવર્મેન્ટ એપ્રુવ્ડ રેટ્સ
Interior Decoration Products
કોમર્સીયલ ટ્રેડર્સ
9879748303 • 9426355487
● રોલર બ્લાઈન્ડ ● ઝીબ્રા બ્લાઈન્ડ ● વુડન ફ્લોરીંગ
● રોમન બ્લાઈન્ડ ● વોલ પેપર્સ ● મોસક્યુટો નેટ્સ
● વર્ટીકલ બ્લાઈન્ડ ● ડિઝાઈન ફિલ્મ ● પીવીસી ફ્લોરીંગ ● ક્લોથ કર્ટેન
Remote Controlled Blinds & Curtains are also available.
Our Recent Sites & Projects
Mega Metro New Office | Sports University | Consumer Court
Human Rights Commission | All new RTO offices | Chief Town Planning Office
Police Academy Karai | Gujarat Sales Tax Offices | Gujarat Electricity Board
Industries Commissioner | | GIIC / Krishi Bhavan

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શેર માર્કેટ ઓફિસ સ્ટાફ
ઈન્ફોસીટી ● સે.૨૧ ● ચાંદખેડા
શેર ટર્મીનલ ઓપરેટર - ૪
કોમ્પ્યુટર ઓપરેટર - ૮
7500/- to 15000 + પેટ્રોલ + ઈન્સેટીવ
Send your CV to
Watsapp : 9974703401

માઈન્ડ પાવર વર્કશોપ
ડૉ અઢિયા દ્વારા
ડૉ. જિતેન્દ્ર અઢિયા -એમ.ડી. દ્વારા
આંતરમનની અદ્દભૂત શક્તિઓનો ઉપયોગ કરતા શીખી જીવનમાંથી નકારાત્મક્તાને દૂર કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિના માલિક બનો
e-GENIE
ફ્રી સેમિનાર રૂપલ શાહ દ્વારા
૧૨ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્તિ માટે ઉપયોગી
૪ જાન્યુઆરી - બુધવાર સાંજે ૭.૩૦ થી ૯.૩૦
સેક્ટર-૧૨, 'ગ' રોડ ઉપર, ગાંધીનગર
પ્રવેશ માટે : 8980001511-12-13
પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે
રૂપલ શાહ માઈન્ડ પાવર ટ્રેનર